# ભરતી સમિતિ, મહેસૂલ વિભાગ, સરદાર પટેલ ભવન, બ્લોક નં.૧૧,

# સચિવાલય, ગાંધીનગર

મહેસૂલ વિભાગના નિયંત્રણ હેઠળના કલેકટર કચેરીઓમાં **મહેસૂલી તલાટી વર્ગ-૩ ની ૧૫૦૦ જગ્યાઓ** પર નિમણૂંક માટે ઉમેદવારો પસંદ કરવા મેરીટ યાદી તૈયાર કરવા માટે જગ્યાના સંદર્ભમાં ઉલ્લેખ કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓજસ વેબસાઈટ પર ઓનલાઈન અરજીઓ માંગવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://ojas.guj.nic.in વેબસાઈટ પર **તા.૧૬/૦૧/૨૦૧૪ (સાંજના ૪.૦૦ કલાક) થી તા.૩૦/૦૧/૨૦૧૪(રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે.** ઉમેદવારે તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ (15 kb) અને સહીનો નમૂનો (15 kb) સાઈઝથી વધે નહી તે રીતે JPG ફોર્મેટમાં સ્કેન કરી ઓનલાઈન અરજીમાં અપલોડ કરવાનો રહેશે. ઉમેદવારે પોતાના બધા જ શૈક્ષણિક, વય અને જાતિ તેમજ લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે મુજબની વિગતો ભરવાની રહેશે. પસંદગીની પ્રક્રીયા હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓ.એમ.આર. પદ્ધતિથી લેવાનાર પરીક્ષા રહેશે. પરીક્ષા સંદર્ભની બધી જ સૂચનાઓ મોબાઈલ નંબર પર એસ.એમ.એસ. થી આપવામાં આવશે. આથી અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો અને પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તે નંબર જાળવી રાખવો જરૂરી છે.

**૧. જિલ્લાવાર અને જાતિવાર ભરવાની થતી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.**

**(અ) જાહેરાત ક્રમાંકઃ ૪/૨૦૦૯ અન્વયે કરવામાં આવેલ ભરતીમાં ૫૦ ટકા કરતા વધુ અનામતની ટકાવારી ધરાવતા જીલ્લાઓમાં મહેસૂલી તલાટીની ભરતીમાં નીચે દર્શાવ્યા મુજબ અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિની કેટેગરીવાર ઘટ(આગળ ખેચાયેલ જગ્યાઓ) હતી જે આ ભરતી પ્રસંગમાં ભરવામાં આવશે. આ અંગેની જીલ્લાવાર અને કેટેગરીવાર વિગતો નીચે મુજબ છે.**

| ક્રમ | જિલ્લાનું નામ | ભરેલ જગ્યાની સંખ્યા | અનુસુચિત જાતિ | | | અનુસુચિત જન જાતિ | | | કુલ ઘટ (આગળ ખેચાયેલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુ | સ્ત્રી | કુલ | પુ | સ્ત્રી | કુલ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ભરૂચ | ૪૮ | ૦ | ૧ | ૧ | ૩ | ૨ | ૫ | ૬ |
| ૨ | દાહોદ | ૪૮ | ૦ | ૧ | ૧ | ૩ | ૨ | ૫ | ૬ |
| ૩ | નર્મદા | ૩૪ | ૦ | ૧ | ૧ | ૩ | ૧ | ૪ | ૫ |
| ૪ | નવસારી | ૩૨ | ૧ | ૦ | ૧ | ૨ | ૧ | ૩ | ૪ |
| ૫ | પંચમહાલ | ૮૮ | ૧ | ૧ | ૨ | ૭ | ૩ | ૧૦ | ૧૨ |
| ૬ | સાબરકાંઠા | ૧૪૬ | ૦ | ૦ | ૦ | ૯ | ૪ | ૧૩ | ૧૩ |
| ૭ | સુરત | ૬૬ | ૧ | ૧ | ૨ | ૯ | ૪ | ૧૩ | ૧૫ |
| ૮ | તાપી | ૩૨ | ૦ | ૦ | ૦ | ૩ | ૧ | ૪ | ૪ |
| ૯ | વડોદરા | ૧૬૦ | ૧ | ૧ | ૨ | ૩ | ૨ | ૫ | ૭ |
| ૧૦ | વલસાડ | ૩૮ | ૧ | ૦ | ૧ | ૨ | ૧ | ૩ | ૪ |
| | **કુલ** | **૬૯૨** | **૫** | **૬** | **૧૧** | **૪૪** | **૨૧** | **૬૫** | **૭૬** |

**(બ) ઉપર દર્શાવ્યા મુજબ ઘટની ૭૬ જગ્યાઓને બાદ કરતા આ ભરતી પ્રસંગમાં ભરવાની જગ્યાઓની કેટેગરીવાર વિગતો નીચે મુજબ છે.**

| ક્રમ | જિલ્લાનું નામ | જગ્યાની સંખ્યા | અગાઉની ભરતીની ઘટ (આગળ ખેચાયેલ જગ્યાઓ) | ઘટ બાદ કરતા ભરવાપાત્ર જગ્યા | અનુસુચિત જાતિ | | | અનુસુચિત જન જાતિ | | | સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ | | | શારીરિક ખોડ ખાંપણ | સામાન્ય વર્ગ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પુ | સ્ત્રી | કુલ | પુ | સ્ત્રી | કુલ | પુ | સ્ત્રી | કુલ | | પુ | સ્ત્રી | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૧ | અમદાવાદ | ૪૫ | ૦ | ૪૫ | ૪ | ૧ | ૫ | ૪ | ૧ | ૫ | ૮ | ૪ | ૧૨ | ૧ | ૧૭ | ૬ | ૨૩ |
| ૨ | અમરેલી | ૫૨ | ૦ | ૫૨ | ૪ | ૧ | ૫ | ૧ | ૦ | ૧ | ૧૦ | ૪ | ૧૪ | ૨ | ૨૭ | ૫ | ૩૨ |
| ૩ | આણંદ | ૩૦ | ૦ | ૩૦ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૬ | ૨ | ૮ | ૧ | ૧૪ | ૪ | ૧૮ |
| ૪ | અરવલ્લી | ૫૭ | ૦ | ૫૭ | ૪ | ૧ | ૫ | ૭ | ૩ | ૧૦ | ૧૧ | ૪ | ૧૫ | ૨ | ૧૯ | ૮ | ૨૭ |
| ૫ | બનાસકાંઠા | ૧૦૦ | ૦ | ૧૦૦ | ૭ | ૩ | ૧૦ | ૫ | ૨ | ૭ | ૧૯ | ૮ | ૨૭ | ૩ | ૪૩ | ૧૩ | ૫૬ |
| ૬ | બોટાદ | ૧૫ | ૦ | ૧૫ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૩ | ૧ | ૪ | ૦ | ૯ | ૧ | ૧૦ |
| ૭ | ભરૂચ | ૫૫ | ૬ | ૪૯ | ૧ | ૧ | ૨ | ૧૦ | ૪ | ૧૪ | ૬ | ૩ | ૯ | ૧ | ૧૬ | ૮ | ૨૪ |
| ૮ | ભાવનગર | ૫૬ | ૦ | ૫૬ | ૨ | ૧ | ૩ | ૧ | ૦ | ૧ | ૧૧ | ૪ | ૧૫ | ૨ | ૩૨ | ૫ | ૩૭ |
| ૯ | છોટાઉદેપુર | ૭૨ | ૦ | ૭૨ | ૩ | ૧ | ૪ | ૧૧ | ૫ | ૧૬ | ૧૨ | ૫ | ૧૭ | ૨ | ૨૪ | ૧૧ | ૩૫ |

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **૧૦** | દાહોદ | ૫૮ | ૬ | ૫૨ | ૧ | ૦ | ૧ | ૧૧ | ૪ | ૧૫ | ૭ | ૩ | ૧૦ | ૨ | ૧૯ | ૭ | ૨૬ |
| **૧૧** | ડાંગ | ૨૫ | ૦ | ૨૫ | ૦ | ૦ | ૦ | ૫ | ૨ | ૭ | ૪ | ૧ | ૫ | ૧ | ૧૦ | ૩ | ૧૩ |
| **૧૨** | દેવભૂમિ દ્વારકા | ૨૦ | ૦ | ૨૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૪ | ૧ | ૫ | ૧ | ૧૩ | ૧ | ૧૪ |
| **૧૩** | ગાંધીનગર | ૨૪ | ૦ | ૨૪ | ૧ | ૧ | ૨ | ૧ | ૦ | ૧ | ૪ | ૨ | ૬ | ૧ | ૧૨ | ૩ | ૧૫ |
| **૧૪** | ગીર સોમનાથ | ૨૯ | ૦ | ૨૯ | ૨ | ૧ | ૩ | ૦ | ૦ | ૦ | ૬ | ૨ | ૮ | ૧ | ૧૫ | ૩ | ૧૮ |
| **૧૫** | જામનગર | ૩૬ | ૦ | ૩૬ | ૨ | ૧ | ૩ | ૦ | ૦ | ૦ | ૭ | ૩ | ૧૦ | ૧ | ૧૯ | ૪ | ૨૩ |
| **૧૬** | જુનાગઢ | ૪૩ | ૦ | ૪૩ | ૩ | ૧ | ૪ | ૦ | ૦ | ૦ | ૮ | ૪ | ૧૨ | ૧ | ૨૨ | ૫ | ૨૭ |
| **૧૭** | ખેડા | ૪૩ | ૦ | ૪૩ | ૨ | ૧ | ૩ | ૧ | ૧ | ૨ | ૮ | ૪ | ૧૨ | ૧ | ૨૦ | ૬ | ૨૬ |
| **૧૮** | કચ્છ | ૭૦ | ૦ | ૭૦ | ૬ | ૨ | ૮ | ૩ | ૧ | ૪ | ૧૩ | ૬ | ૧૯ | ૨ | ૩૦ | ૯ | ૩૯ |
| **૧૯** | મહિસાગર | ૫૮ | ૦ | ૫૮ | ૧ | ૧ | ૨ | ૧૧ | ૫ | ૧૬ | ૮ | ૩ | ૧૧ | ૨ | ૨૦ | ૯ | ૨૯ |
| **૨૦** | મહેસાણા | ૫૦ | ૦ | ૫૦ | ૪ | ૧ | ૫ | ૧ | ૦ | ૧ | ૧૦ | ૪ | ૧૪ | ૨ | ૨૫ | ૫ | ૩૦ |
| **૨૧** | મોરબી | ૨૮ | ૦ | ૨૮ | ૧ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૬ | ૨ | ૮ | ૧ | ૧૫ | ૩ | ૧૮ |
| **૨૨** | નર્મદા | ૪૨ | ૫ | ૩૭ | ૧ | ૦ | ૧ | ૭ | ૩ | ૧૦ | ૪ | ૨ | ૬ | ૧ | ૧૫ | ૫ | ૨૦ |
| **૨૩** | નવસારી | ૩૨ | ૪ | ૨૮ | ૧ | ૦ | ૧ | ૬ | ૨ | ૮ | ૪ | ૧ | ૫ | ૧ | ૧૧ | ૩ | ૧૪ |
| **૨૪** | પંચમહાલ | ૫૦ | ૧૨ | ૩૮ | ૧ | ૦ | ૧ | ૮ | ૩ | ૧૧ | ૫ | ૨ | ૭ | ૧ | ૧૪ | ૫ | ૧૯ |
| **૨૫** | પાટણ | ૪૩ | ૦ | ૪૩ | ૩ | ૧ | ૪ | ૦ | ૦ | ૦ | ૮ | ૪ | ૧૨ | ૧ | ૨૨ | ૫ | ૨૭ |
| **૨૬** | પોરબંદર | ૧૨ | ૦ | ૧૨ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૩ | ૦ | ૭ | ૧ | ૮ |
| **૨૭** | રાજકોટ | ૪૯ | ૦ | ૪૯ | ૨ | ૧ | ૩ | ૦ | ૦ | ૦ | ૯ | ૪ | ૧૩ | ૧ | ૨૮ | ૫ | ૩૩ |
| **૨૮** | સાબરકાંઠા | ૫૬ | ૧૩ | ૪૩ | ૩ | ૧ | ૪ | ૫ | ૨ | ૭ | ૯ | ૩ | ૧૨ | ૧ | ૧૪ | ૬ | ૨૦ |
| **૨૯** | સુરત | ૬૩ | ૧૫ | ૪૮ | ૧ | ૦ | ૧ | ૧૦ | ૪ | ૧૪ | ૬ | ૩ | ૯ | ૧ | ૧૭ | ૭ | ૨૪ |
| **૩૦** | સુરેન્દ્રનગર | ૪૯ | ૦ | ૪૯ | ૪ | ૧ | ૫ | ૦ | ૦ | ૦ | ૯ | ૪ | ૧૩ | ૧ | ૨૬ | ૫ | ૩૧ |
| **૩૧** | તાપી | ૪૩ | ૪ | ૩૯ | ૧ | ૦ | ૧ | ૮ | ૩ | ૧૧ | ૫ | ૨ | ૭ | ૧ | ૧૫ | ૫ | ૨૦ |
| **૩૨** | વડોદરા | ૫૬ | ૭ | ૪૯ | ૨ | ૧ | ૩ | ૮ | ૩ | ૧૧ | ૮ | ૩ | ૧૧ | ૧ | ૧૭ | ૭ | ૨૪ |
| **૩૩** | વલસાડ | ૩૯ | ૪ | ૩૫ | ૧ | ૦ | ૧ | ૭ | ૩ | ૧૦ | ૫ | ૨ | ૭ | ૧ | ૧૨ | ૫ | ૧૭ |
| | **કુલ** | **૧૫૦૦** | **૭૬** | **૧૪૨૪** | **૭૨** | **૨૫** | **૯૭** | **૧૩૨** | **૫૨** | **૧૮૪** | **૨૪૫** | **૧૦૧** | **૩૪૬** | **૪૧** | **૬૧૯** | **૧૭૮** | **૭૯૭** |

ઉપર દર્શાવેલ (અ) અને (બ) બન્નેની જે તે કેટેગરીની જગ્યાઓ ભેગી ગણીને તે મુજબ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

- ➢ અનામત જગ્યાઓ **ફકત મૂળ ગુજરાતના** જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.
- ➢ નવા રચાયેલ જિલ્લાઓ માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા અનામતની ટકાવારી નિયત કરવામાં આવેલ ત્યાર પછીના ભરતી પ્રસંગમાં આ જાહેરાત અન્વયે નવા રચાયેલ જિલ્લાઓમાં કરેલ ભરતીમાં અનામતની જગ્યાઓની જે વધ કે ઘટ હોય તે સરભર કરવાની રહેશે.
- ➢ મહિલાઓ માટે ઉપર દર્શાવ્યા મુજબ જગ્યાઓ ૩૦% મુજબ અનામત રહેશે. મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તે જગ્યા સંબધિત કેટેગરીના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.
- ➢ માજી. સૈનિક માટે નિયમોનુસાર ૧૦% જગ્યા અનામત છે, જે જે તે કેટેગરી સામે સરભર કરાશે. જો માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી. સૈનિક ન મળે તો તે જગ્યા જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.
- ➢ શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારોની જગ્યાઓ જે તે કેટેગરી સામે સરભર કરાશે.
- ➢ **ઓનલાઈન અરજી કરતી વખતે ઉમેદવારે નિમણૂક માટે પસંદગીના જીલ્લાઓના અગ્રતાક્રમ ફરજીયાત આપવાના રહેશે. ઓછામાં ઓછા ૭ અને વધુમાં વધુ ૩૩ જીલ્લાના અગ્રતાક્રમ આપવાના રહેશે**. આખરી પસંદગી પામેલ ઉમેદવારોના મેરીટ ક્રમ તથા જીલ્લાના પ્રેફરન્સના આધારે, સમિતિ દ્વારા જીલ્લાની ફાળવણી કરવામાં આવશે, જેમાં ફેરફારની કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

**૨.** **પગાર ધોરણ :-** નાણાં વિભાગનાં તા.૧૬/૨/૨૦૦૬ અને તા.૨૯/૪/૨૦૧૦ ના ઠરાવ નંબર: ખરચ/૨૦૦૨/૫૭/ઝ/૧ ની જોગવાઈઓ આધીન તેમજ તા.૦૬/૧૦/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭(પાર્ટ-૨)/ઝ-૧ થી નક્કી થયા મુજબ **પ્રથમ પાંચ વર્ષ માટે રૂ.૫૩૦૦/- પ્રતિમાસ ઉચ્ચક પગારથી નિમણૂંક અપાશે**. ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે પુરી થયેથી રૂ.૫૨૦૦-૨૦૨૦૦ (ગ્રેડ પે-૧૯૦૦) ના પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાપાત્ર થશે.

૩. **રાષ્ટ્રીયતા :–** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ. અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ–૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઇએ.

૪. **શૈક્ષણિક લાયકાત :–**

(૧) ઉમેદવાર ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા એચ.એસ.સી. (ધોરણ–૧૨) અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ હોવા જોઈશે.

(૨) ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના સરકારી ઠરાવ નંબર : સીઆરઆર–૧૦–૨૦૦૭–૧૨૦૩૨૦–ગ.૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકારમાન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે, પરંતુ નિમણૂંક મેળવતા પહેલાં આવુ પ્રમાણપત્ર અચૂક રજુ કરવાનું રહેશે, અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે નહીં.

(૩) હિન્દી, અંગ્રેજી તથા ગુજરાતી ભાષાનું પુરતુ જ્ઞાન અને ગુજરાતી ભાષા પર પ્રભુત્વ હોવું જોઇશે.

૫. **વયમર્યાદા :–**

(૧) ઓનલાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ એટલે કે તા.૩૦/૦૧/૨૦૧૪ના રોજ ઉમેદવારની વય ૧૮ વર્ષથી ઓછી નહી અને ૨૮ વર્ષથી વધુ નહિ તેવી હોવી જોઈશે.

(૨) **મુળ ગુજરાતના હોય તેવા** અનામત વર્ગના, ઉમેદવારો તથા તમામ મહિલા, વિકલાંગ તેમજ માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબ છુટછાટ આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧. | સામાન્ય મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ |
| ૨. | અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ |
| ૩. | અનામત વર્ગના મહિલા ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૪. | સામાન્ય વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૫. | સામાન્ય વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૧૫ વર્ષ |
| ૬. | અનામત વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારો | ૧૫ વર્ષ |
| ૭. | અનામત વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારો | ૨૦ વર્ષ |

**નોંધ :– ઉમેદવાર નીચે મુજબની વિકલાંગતા ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકિટ ધરાવતાં હશે તો જ વિકલાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે.**

| **ક્રમ** | **વિકલાંગતાનો પ્રકાર** | **અનામત જગાની ટકાવારી** | **વિકલાંગતાની ટકાવારી** |
|---|---|---|---|
| ૧ | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી માટે | ૧ ટકો | LV= Low vision મોડરેટ<br>(૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા) |
| ૨ | શ્રવણની ખામી માટે | ૧ ટકો | HH= Hearing Handicapped મોડરેટ (૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા) |
| 3 | હલન ચલનની વિકલાંગતા અથવા મગજના લકવા માટે | ૧ ટકો | ૧. OA (OA= One Arm affected (R or L))<br>૨. OL= One Leg<br>૩. BL= Both Leg<br>૪. OAL= One arm and one leg affected |

(૪) માજી સૈનિક સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની ઉંમરમાંથી બાદ કરતાં મળતી ઉંમર, ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતાં વધવી જોઈશે નહી.

(૫) તમામ કેટેગરીના ઉમેદવારોને **ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહી.**

**૬. પસંદગી પ્રક્રિયા :-**

મહેસૂલી તલાટીની જગ્યા ઉપર પસંદગી પામવાનાં હેતુસર ઉમેદવારે નીચે જણાવેલ પરીક્ષાની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. પરંતુ સમિતિને યોગ્ય અને જરૂરી લાગશે તો તેમાં જરૂરી ફેરફાર કરી શકશે.

**(ક) લેખિત કસોટી :- (હેતુલક્ષી પ્રશ્નોવાળુ પ્રશ્નપત્ર) (૧૦૦ ગુણ)**

| | | |
|---|---|---|
| ➢ ગુજરાતી ભાષા | – | ૨૦ ગુણ |
| ➢ ગુજરાતી વ્યાકરણ | – | ૧૫ ગુણ |
| ➢ અંકગણિત | – | ૧૫ ગુણ |
| ➢ અંગ્રેજી વ્યાકરણ | – | ૧૫ ગુણ |
| ➢ સામાન્ય જ્ઞાન અને બુધ્ધિ કૌશલ્ય | – | ૩૫ ગુણ |
| **કુલ** | **–** | **૧૦૦ ગુણ** |

**(ખ) લઘુત્તમ લાયકી ધોરણ:**

પસંદગી યાદી તૈયાર કરવા માટેનું લાયકી ધોરણ સમિતિ ઠરાવશે. પરંતુ કોઈપણ સંજોગોમાં અનામત કેટેગરી સહિતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે લઘુત્તમ લાયકી ધોરણ, પરીક્ષાના કુલ ગુણના ૩૫% રહેશે.

**(ગ) (૧)** મહેસૂલી તલાટીની જગ્યા માટેની પસંદગીયાદી (મેરીટ લીસ્ટ) લેખિત પરીક્ષા(OMR) માં મેળવેલ ગુણના આધારે કરવામાં આવશે.

**(૨)** આ જાહેરાત હેઠળની જગ્યા માટે મૌખીક કસોટી (ઇન્ટરવ્યુ) લેવાનાર **નથી.**

**(ઘ)** ઉપર મુજબ તૈયાર કરેલ પસંદગી યાદીના ૧૦(દસ) ટકા જેટલી ઉમેદવારોની લાયકાતના ક્રમમાં લાયક ઉમેદવારોના નામ દર્શાવતી પ્રતિક્ષાયાદી પણ તૈયાર કરી જાહેર કરવામાં આવશે. આ યાદી તૈયાર કરતી વખતે દરેક કેટેગરીનુ નિયમાનુસાર પ્રતિનિધિત્વ જળવાય તે જોવામાં આવશે.

**૭. પરીક્ષા ફી :-**

➢ બિન અનામત ઉમેદવારો માટે અરજી ફી રૂ.૧૦૦/- + પોસ્ટ ચાર્જ તથા અનુ.જાતિ, અનુ.જન જાતિ, તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે અરજી ફી રૂ.૫૦/- + પોષ્ટ ઓફિસ ચાર્જ ભરવાનો રહેશે.

➢ ઓનલાઈન અરજી કર્યા બાદ OJAS ની વેબસાઈટ ઉપરથી ઉમેદવારના અરજીપત્રકની સાથે આપેલ પોસ્ટ ઓફીસના ૩(ત્રણ) ચલણની A4 સાઈઝમાં પ્રિન્ટ લઈને કોઈપણ કોમપ્યુટરાઈઝડ પોષ્ટ ઓફિસમાં રજૂ કરવાથી તેઓ દ્વારા ફી સ્વીકારવામાં આવશે.

➢ આ ત્રણ ચલણ પૈકી એક ચલણ પોષ્ટ ઓફિસ રાખશે અને બીજા બે સહી/સિક્કા કરી ઉમેદવારને પરત કરશે જે ઉમેદવારે સાચવી રાખી પરીક્ષા સ્થળે અચૂક રજૂ કરવાના રહેશે. **જો પરીક્ષા સમયે ઉમેદવાર આ ચલણ રજૂ નહીં કરે તો તેને પરીક્ષામાં બેસવા દેવામાં નહીં આવે.**

➢ પોષ્ટ ઓફિસમાં ફી ભરવાની છેલ્લી તા.૩૧/૦૧/૨૦૧૪ના પોસ્ટ ઓફિસના કામકાજના સમય સુધી છે.

➢ ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી. તેમજ ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહી.

➢ પરીક્ષા ફી ભરવાથી ઉમેદવારને તેઓ દ્વારા દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર SMS થી ફી ભર્યાની જાણ કરવામાં આવશે જો ઉમેદવારને SMS ન મળે તો તાત્કાલિક ઉમેદવારે જે પોસ્ટ ઓફીસ ખાતે ફી જમા કરાવેલ હોય તે પોસ્ટ ઓફીસનો સંપર્ક કરવાનો રહેશે.

**૮. લેખિત પરીક્ષાનુ કેન્દ્ર :-**

ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ હાલના સરનામાને ધ્યાનમાં લઈને જે તે જીલ્લાનું પરીક્ષા કેન્દ્ર આપવામાં આવશે. પરીક્ષા કેન્દ્ર અંગે સમિતિનો નિર્ણય આખરી રહેશે અને તેમા ફેરફારની કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

**૯. અરજી કરવાની રીત :-**

આ જાહેરાતના સંદર્ભમાં સમિતિ દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તારીખ : ૧૬/૦૧/૨૦૧૪ (સાંજના ૪:૦૦ કલાક) થી તા.૩૦/૦૧/૨૦૧૪ (સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન **http://ojas.guj.nic.in** પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે

(૧) સૌ પ્રથમ **http://ojas.guj.nic.in** પર જવું. હવે (૨) "Apply On line" Click કરવું. (૩) "Revenue Talati" પર click કરવાથી જગ્યાની વિગતો મળશે. (૪) તેની નીચે "Apply now" પર click કરવાથી Application Format ખુલશે જેમાં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ કુંદડી (*) નિશાની હોય તે કોલમની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) (૫) Personal Details ભરાયા બાદ "Educational Details" ભરવા માટે "Educational Qualifications" પર click કરવું. (૬) તેની નીચે "Self-declaration" પર click કરવું. ત્યારબાદ (૭) ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે. (૮) હવે "save" પર click કરવાથી તમારી અરજીનો online સ્વીકાર થશે. (૯) અરજી કર્યા બાદ ઉમેદવારનો "Application Number" generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે. (૧૦) હવે Upload Photograph પર click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર click કરવું. અહીં photo અને signature upload કરવાના છે. (Photo નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને Signature નું માપ ૨.૫ સે.મી. લંબાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) (photo VG[ signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg format માં (15 kb) સાઈઝથી વધારે નહિ તે રીતે સ્કેન કરી computer માં Save કરેલા હોવા જોઈએ.) "browse" button પર click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઈલને select કરો અને "open" button ને click કરો. હવે "browse" button ની બાજુમાં "upload" button પર click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે. (૧૧) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date ટાઈપ કર્યા બાદ Ok પર click કરવાથી ત્રણ બટન (૧) ok (૨) show application preview અને (૩) confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો edit કરી લેવું. કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. પરંતુ કન્ફર્મ થયા બાદ કોઈપણ પ્રકારનો સુધારો શકય બનશે નહી. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ confirm application પર click કરવું. તેથી ઉમેદવારની અરજીનો સમિતિમાં online સ્વીકાર થઈ જશે. અહીં **"confirmation number"** generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. (૧૨) હવે print application પર click કરવું. અહીં તમારો confirmation number ટાઈપ કરવો અને print પર click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી. (૧૩) ઉમેદવારને ફોર્મ ભરતી વખતે માર્ગદર્શનની આવશ્યકતા જણાયતો ટોલ-ફ્રી નંબર : ૧૮૦૦૨૩૩૫૫૦૦ પર ફોન કરીને જરૂરી માર્ગદર્શન મેળવી લેવું. (૧૪) અરજી કન્ફર્મ થઇ ગયા બાદ આગળના ફકરા.૭ માં આપેલ સુચનાઓ અનુસાર પોસ્ટ ઓફીસ ખાતે રોકડમાં પરીક્ષા ફી રૂ.૧૦૦/- અથવા રૂ.૫૦/- ચલણથી ભરવાના રહેશે. આ ચલણ પણ OJAS વેબસાઇટ ઉપરથી જ ડાઉનલોડ કરવાનું રહેશે. અરજી કન્ફર્મ કર્યા બાદ ફી ન ભરનાર ઉમેદવારની ઉમેદવારી રદ ગણાશે.

**૧૦. સામાન્ય શરતો :-**

(૧) જાહેરાતમાં જે કક્ષાની અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે તેઓને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. (૨) સા. અને શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત નમુનામાં તા.૩૧/૩/૨૦૧૩ ના રોજ પુરા થયેલ નાણાંકીય વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટેનું તા.૧/૪/૨૦૧૩ થી અરજી કરવાની છેલ્લી તારીખ : ૩૦/૦૧/૨૦૧૪ દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે. (૩) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવાર આવું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના પિતાની આવકના સંદર્ભમાં ધરાવતા હોવા જોઈએ. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર ધરાવતા હશે તો ધ્યાને લેવામાં આવશે નહીં. (૪) કોઇ પણ ઉમેદવાર જો એકથી વધુ અરજી કરશે તો તેમની અરજી રદ કરવા અંગે નિર્ણય કરવાની સત્તા સમિતિની રહેશે. (૫) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/ ૧૦૯૬/ ૨૨૧૩/ ગ (૨) માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ ભરતી તથા નિમણૂંક સમયે પુનઃલગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત, મહેસૂલ વિભાગની ભરતી સમિતિ માંગે ત્યારે તેના તમામ પુરાવા અસલમાં રજુ કરવાના રહેશે. (૬) એથલેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફ્ટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિક, જુડો, રાઈફલશુટિંગ, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજની રમતો-ખેલકુદમાં રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે ઉમેદવારે મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/ ૧૦૭૭/ ૨૬૬૦/ ગર તથા તા.૧/૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/ ૧૧૮૮/ ૩૬૪૪/ ગર માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર સમિતિ માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. આવુ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હક્કદાર થશે.

**૧૧. સામાન્ય સુચનાઓ :-**

૧. ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ સમિતિ માંગે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે - તે તબકકે રદ ગણવામાં આવશે.

૨. અરજદારે અરજીપત્રમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહીં.

**૩. ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવાના રહેશે. તેમજ સમિતિ માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે.**

**૪. ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં સમિતિ તરફથી આ પરીક્ષાને સબંધિત પરીક્ષાલક્ષી સુચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMS થી મોકલવામાં આવશે તેથી દર્શાવેલ મોબાઈલ નંબર બદલવો નહી.**

૫. ફીકસ પગારથી લાયક ઉમેદવારને ૫ (પાંચ) વર્ષનાં અજમાયશી ધોરણે મહેસૂલી તલાટી સંવર્ગની જગ્યા ઉપર નિમણૂંક સત્તાધિકારી દ્વારા નિમણૂંક આપ્યેથી આ જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો-૨૦૦૬ તથા પૂર્વે સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષાનાં નિયમો મુજબ નિયત પરીક્ષાઓ આ સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.

૬. આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવાને પાત્ર ઠરશે.

૭. ઉમેદવાર પોતે મહેસૂલી તલાટી સંવર્ગની આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહિ નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક રદ કરીને પડતો મૂકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

૮. આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે મહેસૂલી તલાટી સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.

૯. આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સમિતિને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને સમિતિ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહી.

**૧૦. મહેસૂલ વિભાગની વેબસાઇટ** http://www.revenuedepartment.gujarat.gov.in **નિયમિતપણે જોતા રહેવા ઉમેદવારોને ખાસ ભલામણ છે.**

**૧૧. આ જાહેરાત અન્વયે સંભવત: ફેબ્રુઆરી–૨૦૧૪ માં પરીક્ષાનું આયોજન કરવામાં આવશે, તે ધ્યાને લઇ ઉમેદવારોએ પરીક્ષાલક્ષી તૈયારી કરવી.**

૧૨. સમિતિ જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે સમિતિના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ વગ કે દબાણ લાવાનો પ્રયાસ કરવા માટે, (૨) બીજાનું નામ ધારણ કરવા માટે, (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે, (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે, (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવવા કે છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે, (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે, (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે, (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે, (૯) પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે, (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે સમિતિએ રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે, (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી કરવા માટે, અથવા (૧૨) પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત – (ક) સમિતિ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ) (૧) સમિતિ, સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી, અથવા (૨) રાજય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિદિષ્ટ મુદત માટે ગેરલાયક/બાકાત કરી શકશે.

**તારીખ :–** ૧૫/૦૧/૨૦૧૪
**સ્થળ :–** ગાંધીનગર

**સભ્ય સચિવ**
ભરતી સમિતિ, મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર